# 9. ચક્રવાકમિથુન

## સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોના એક-એક વક્યોમાં ઉત્તર લખો:

1) ચોપાસ કોની શાખાઓ પ્રસરી રહી છે ?

- ચોપાસ શૈલરાજ – પર્વતરાજની શાખાઓ પ્રસરી રહી છે.

2) દિવસના કયા પ્રહરનીએ વાત કાવ્યના કેન્દ્રમાં છે ?

- સંધ્યાના મધ્યપ્રહરની વાત કાવ્યના કેન્દ્રમાં છે.

3) કવિએ 'વિહગયુગ્મ' શબ્દ કોના માટે પ્રયોજ્યો છે ?

- કવિએ 'વિહગયુગ્મ' શબ્દ ચક્રવાક-ચક્રવાકી માટે પ્રયોજ્યો છે.

4) ચક્રવાકી ક્યાં છુપાઈ જાય છે ?

- ચક્રવાકી વૃક્ષોની શાખાઓમાં છુપાઈ જાય છે.

5) સ્નેહબાળ યુગલ કોનાથી ઉન્મત્ત થાય છે ?

- સ્નેહબાળ યુગલ આભાસોથી ઉન્મત્ત થાય છે.

6) 'ચાલો એવા સ્થલ મહી6, વસે સૂર્ય જ્યાં સદૈવ' આ પંક્તિ કોણ બોલે છે ?

- 'ચાલો એવા સ્થલ મહીં, વસે સૂર્ય જ્યાં સદૈવ' આ પંક્તિ ચક્રવાકી બોલે છે.

2. નીચેના પ્રશ્નોના મુદ્દાસરઉત્તર લખો :

1) ચક્રવાકી ચક્રવાકને ક્યાં જઈ વસવાનું કહે છે ? શા માટે ?

- નિયતિવશ સૂર્યાસ્ત થતાં જ આ યુગલને એકબીજાથી વુખૂટા પડવું પડે છે. દિવસ દરમિયાન એક-એક ક્ષણ ચક્રવાક-ચક્રવાકી માટે પ્રણયસુખની હતી. તેમને પ્રણયસુખની તૃપ્તિ થઈ નહોતી. એ બંનેને પ્રણયસુખની અધિક અભિલાષ હતી; પરંતુ સંધ્યા થતાં બંનેને એકબીજાના વિરહમાં ઝૂરવું પડે છે.

તેમ્નને આ વિરહ અસહ્ય થઈ પડ્યો છે. આથી ચક્રવાકી ચક્રવાકને કહે જ્યાં સૂર્યનો પ્રકાશ સદેવ રહેતો હોય અર્થાત જ્યાં દિવસ લાંબો હોય એવા સ્થળે જઈને વસવાનું કહે છે.

### 2) ચક્રવાક-ચક્રવાકને બીજે નહિ વસવા આંગે શું કારણ આપે છે ?

- ચક્રવાક-ચક્રવાકને કહે છે કે જ્યાં દિવસ લાંબો હોય એવા સ્થળે જઈને વસીએ જેથી બંનેને એકબીજાના વિરહમાં ઝૂરવું ન પડે; પરંતુ ચક્રવાક વાસ્તવિક પરિસ્થિતિ સમજાવતાં કહે છે કે હે પ્રિય સખી ! જ્યાં દિવસો લાંબા હોય ત્યાં રાત પણ લાંબી હોવાની જ. એટલે પ્રણયસુખની આશા ઠગારી છે.

### 3) ચક્રવાક-ચક્રવાકી માટે કવિએ કયા કયા શબ્દો વાપર્યા છે ?

- કવિએ ચક્રવાક માટે પતિ, પ્રેમી, પ્રિયતમ, નાથ જેવા શબ્દો વાપર્યા છે' જ્યારે ચક્રવાકી માટે પ્રિયતમા, પ્રિયા, સખી, લલના જેવા શબ્દો વાપર્યા છે. કવિએ આ પક્ષીયુગલ માટે દંપતી, દ્વિજયુગલ, વિહગયુગ્મ, ચક્રવાક મિથુન (શિર્ષકમાં) અને યુગલ જેવા શબ્દો વાપર્યા છે.

## 3. મુદ્દાસર નોંધ લખો:

### 1) ચક્રવાક-ચક્રવાકીના જીવન ઉપર રહેલો નિયતિનો પ્રભાવ વર્ણવો.

- 'ચક્રવાકમિથુન' ખંડકાવ્યમાં ચક્રવાક-ચક્રવાકના જીવન ઉપર નિયતિના અસરકારક પ્રભાવની વાત છે. દિવસ દરમિયાન સૂર્યના પ્રકાશમાં આ પક્ષીયુગલ-ચક્રવાક-ચક્રવાકી પ્રણયસુખનો આનંદ માણે છે; પરંતુ નિયતિવશ સૂર્યાસ્ત થતાં જ બંનેને વિખૂટા થવું પડે છે. આ યુગલ વિયોગથી ઝૂરતું રહે છે. સૂર્યના પ્રકાશની છેલ્લી ક્ષણ સુધી બંને પ્રણયસુખમાં રમમાણ રહે છે. તેમને પ્રણયની તૃપ્તિ થતી નથી. પ્રણયની અભિલાષ પણ ઓછી થતી નથી. આથી સંખ્યા થતાં જ બંને એકબીજાનાં વિરહમાં ટળવળે છે. વિરહાગ્નિમાં બળતી ચક્રવાકી પોતાના પ્રિયતમ(ચક્રવાક)ને કહે છે કે આપણે એવા સ્થળે ચાલ્યાં જઈએ જ્યાં સૂર્ય હંમેશા વસતો હોય. તેની આ અકળામણનો ઉત્તર આપતાં ચક્રવાક તેને સાચી પરિસ્થિતિ સમજાવે છે કે હે સખી ! જ્યાં દિવસ લાંબા હોય ત્યાં રાત પણ લાંબી હોવાની જ. માટે આ સમયે

### 2) પ્રણયસુખની આશા રાખવાનો શો અર્થ ?

- દિવસ અને રાતનું નિર્માણ એ નિયતિનો વણલખ્યો કુદરતી ક્રમ છે. એને મિટાવવો અશક્ય છે. નિયતિના આ પ્રભાવ હેથળ ચક્વાક અને ચક્રવાકીને જીવવું પડે છે. યુગલની આ નિયતિ છે.